શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY
માત્ર અંગત પ્રકાશન માટે

આ અંકનો ક્રમાંક

પૂ.માસ્ટરનો પ્રવાસ . . . . . . . . . . પૃષ્ઠ ૧-૪
એનાઉન્સમેન્ટ્સ . . . . . . . . . . પૃષ્ઠ ૫
પ્રાદેશિક પ્રવૃત્તિઓ . . . . . . . . . . પૃષ્ઠ ૬-૯
પ્રકાશનું કેન્દ્ર . . . . . . . . . . પૃષ્ઠ ૧૦



# પૂ.માસ્ટરનો પ્રવાસ

## રુદ્રપુર અને હલ્દવાની

દિલ્હીથી મોરાદાબાદ થઈને, ધુમ્મસમય વાતાવરણમાં, લાંબો પ્રવાસ ખેડ્યા પછી,૧૬મી જાન્યુઆરીના દિવસે પૂ.માસ્ટર રુદ્રપુર આવી પહોંચ્યા હતા અને આગમન બાદ સત્સંગ કરાવ્યો હતો.

તા.૧૭મીના રોજ એમણે સત્સંગ કરાવ્યો હતો અને નાસ્તો કર્યા પછી હલ્દવાની, જ્યાં આશ્રમ અને અભ્યાસી કોલોની બાંધવા માટે તાજેતરમાં જ જમીન પ્રાપ્ત કરવામાં આવી છે, ત્યાં જવા રવાના થયા હતા. આશ્રમની ૨.૨૫ એકર જમીન હલ્દવાની શહેરથી લગભગ ૫ કિ.મી.ના અંતરે આવેલી છે. ૬.૫ એકરના વિસ્તારમાં 'સહજપુરમ' – અભ્યાસી કોલોની બાંધવાની યોજના છે. પૂ.માસ્ટરે પ્રસાદ આપ્યો હતો અને ભૂમિપૂજનની શિલાનું અનાવરણ કરીને, લગભગ ૩૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો. ત્યાર પછી તેઓ નૌકુચીયાતાલ જવા રવાના થયા હતા. ત્યાં સરોવરની બાજુમાં એક સુંદર કોટેજ છે, જ્યાં તેમણે આરામ કર્યો હતો અને તેની તેમને ઘણી જરૂર હતી. બીજે દિવસે સવારેપૂ.માસ્ટર વધારે સ્વસ્થ લાગતા હતા અને સતખોલ જવાનો અંતિમ તબક્કો પૂરો કરવા તૈયાર થઈ ગયા હતા. સ્થાનિય અભ્યાસીઓને ટૂંકી સીટીંગ આપ્યા પછી પૂ.માસ્ટર સતખોલ જવા રવાના થયા હતા અને સવારે ૧૧ વાગે પહોંચી ગયા હતા.



## સતખોલ

પહાડી સેન્ટરમાંથી આવેલા અભ્યાસીઓ એમના પ્રિયતમની રાહ જોઈ રહ્યા હતા અને તેમને આવકારવા માટે તેઓ હિમાલયના દર્શનીય માર્ગ પર ભેગા થયા હતા. પૂ.માસ્ટરે બાકીનો દિવસ કોટેજમાં કાર્ય કરવામાં ગાળ્યો હતો અને તેઓ ખુશમિજાજમાં હતા.

૧૯મીએ સવારે ૭ વાગે પૂ.માસ્ટરે મેડિટેશન હોલમાં સત્સંગ કરાવ્યો હતો અને આખો દિવસ એમની કોટેજમાં અથાક રીતે કામ કર્યા કર્યું હતું.



૨૦મીએ વસંત પંચમીના દિવસે પૂ.માસ્ટર સવારે વહેલા ઉઠી ગયા હતા અને ખુશમિજાજમાં હતા. આગલા દિવસે તેમને દાંતમાં દુ:ખાવો થયો હોવા છતાં તેમની હંમેશની મોહકતાથી તેઓ વાતો કરી રહ્યા હતા. તેઓ સતસંગ માટે ૬.૪૫ વાગે મેડિટેશન હોલમાં હાજર હતા અને સીટીંગ ૭ વાગે શરૂ કરી હતી. કારણકે એ દિવસે સવારે પહાડી વિસ્તારમાંથી આવેલા બધા અભ્યાસીઓ, પહેલેથી જ ત્યાં બેસી ગયા હતા. લગભગ ૭૦૦ અભ્યાસીઓ હાજર હતા. માસ્ટરના કહેવા મુજબ, સતખોલમાં અત્યાર સુધીની આ સૌથી વધારે હાજરી હતી. પૂ.માસ્ટરે વિધિપૂર્વક બે લગ્ન કરાવ્યાં હતાં. માસ્ટરના કોટેજની સામે પીકનીક લંચનું આયોજન કરવામાં આવ્યું હતું અને ઠંડા હવામાનમાં, તેજસ્વી સૂર્ય પ્રકાશે ઘણી આવશ્યક ઉષ્મા પૂરી પાડી હતી. તે સાંજે માસ્ટર પહાડી વિસ્તારમાંથી આવેલા અભ્યાસીઓને મળ્યા હતા. ગોપેશ્વર જેવા દૂરદૂરના વિસ્તારમાંથી, માસ્ટરને પહેલીવાર મળવા આવેલા અભ્યાસીઓને જોવા, એ ઘણું જ હૃદયસ્પર્શી હતું.



અનૌપચારિક બેઠક દરમિયાન ખરેલાં કેટલાંક ડહાપણનાં મોતી:
"મારે માટે શ્રધ્ધા ,હિંમત અને ધીરજ એક જ છે.શ્રદ્ધા દિવ્ય હોય છે. 'તેઓ' શ્રધ્ધાપૂર્વક પ્રતિક્ષા કરેછે કે તેમનો શિષ્ય તેમની પાસે આવશે જ. હિંમત સભાન હોતી નથી. જ્યારે પોતાનું બાળક બિમાર હોય ત્યારે, મા રાત્રે બહાર જાય, તો તે હિંમત હોય છે. હિંમતમાં સભાનતા નથી હોતી. તે હિંમત પ્રેમને લીધે આવે છે."


આપણી સાથે બનતી ઘટનાઓનો સ્વીકાર આનંદદાયક હોવો જોઈએ. જ્યારે 'તે' મારી સાથે છે,


પૂ.માસ્ટરનુ કોટેજ, જયપુર


ચર્ચાઓમાં, જયપુર


મેડિટેશન હોલનુ ઉદઘાટન, અલવર


અલવર



જબલપુર

મારી અંદર છે, તો મારી સાથે જે કાંઈ બને, તે ખોટું હોઈ જ ન શકે. સારૂ કે ખરાબ, જે કાંઈ બને છે, તે માત્ર મારા ભલા માટે જ બને છે.

૨૧મીએ સવારે ૭.૩૦વાગે પૂ.માસ્ટર રુદ્રપુર જવા રવાના થયા હતા અને મોરાદાબાદ જતાં પહેલાં, ત્યાં તેમણે થોડીવાર આરામ કર્યો હતો. બીજે દિવસે તેઓ દિલ્હી જવા રવાના થયા હતા અને ગુરગાંવ ખાતેના ઝોનલ આશ્રમમાં પહોંચીને તેમણે ત્યાં આ કંટાળાજનક સફર પછી આરામ કર્યો હતો. ભાઈ અજય ભટ્ટરે સાંજે લગભગ ૭૫૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો. ૨૪મીએ સવારે પૂ.માસ્ટરે લગભગ ૨૫૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો.

## જયપુર

પૂ.માસ્ટર જયપુરમાં ૨૪મી જાન્યુઆરીએ આવી ગયા હતા. ગુરગાંવથી થકવી દેનારી રોડ મુસાફરી કરવા છતાં તેઓ સ્વસ્થ જણાતા હતા. તેઓ જેવા આશ્રમે પહોંચ્યા, તેવા જ મોટી સંખ્યામાં ત્યાં હાજર રહેલા અભ્યાસીઓએ એમનું સ્વાગત કર્યું હતું, આશ્રમ ખાતેનું કોટેજ બંધાતું હોવાથી તેઓ ભાઈ સુધીરના ઘરે રોકાયા હતા. રાજસ્થાન અને ગુજરાતથી લગભગ ૨૯૦૦ અભ્યાસીઓ એકત્રિત થયા હતા. ૨૫મીએ સવારે માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો, ત્યાર પછી ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યાર પછી તેમણે આશ્રમના બાંધકામનું નિરીક્ષણ કર્યું હતું; દિવસ દરમિયાન તેઓ કેટલાંક અભ્યાસીઓને મળ્યા હતા અને જુદીજુદી પ્રપોઝલો અંગે આખરી નિર્ણય આપ્યો હતો. તારકમીએ સાંજે માસ્ટરે આશ્રમમાં સત્સંગ કરાવ્યો હતો. થાક લાગ્યો હોવા છતાં તેઓ ઘણીવાર બહાર આવ્યા હતા અને અભ્યાસીઓ સાથે બેઠા હતા. ૨૭મીએ સવારે એમણે સત્સંગ કરાવ્યો હતો, ત્યાર પછી બહેન નિહારીકાએ કાવ્યપઠન કર્યું હતું. પરસ્પર વાતચીત દરમિયાન તેમણે કહ્યું હતું કે કોઈપણ યોજનામાં આગળ વધવાનું નક્કી કરતાં પહેલાં વ્યક્તિએ હંમેશાં વિચારસરણી, શક્યતાઓ અને ઉપયોગિતાનો વિચાર કરવો જોઈએ. ૨૮મીએ સવારે માસ્ટર અલવર જવા રવાના થયા હતા.

## અલવર

આશ્રમની ઈમારતનું ઉદઘાટન કરવા પૂ.માસ્ટર અલવર રોકાયા હતા. લગભગ ૫૦૦ અભ્યાસીઓએ આનંદ, ઉત્સાહ અને ભક્તિપૂર્વક તેમનો સત્કાર કર્યો હતો. આશ્રમના દક્ષિણ તરફના દરવાજા પર, આરંભવિધિ માટે મઢેલી શીલાનું અનાવરણ કરીને, રિબીન કાપીને તેમણે મેડિટેશન હોલમાં પ્રવેશ કર્યો હતો. તેમણે લગભગ ૫૦ મિનિટ સત્સંગ કરાવ્યો હતો અને તેમને મળવા માગતા અભ્યાસીઓને અડધો કલાકથી વધારે તક આપી હતી. જમ્યા પછી તેમણે થોડી વાર આરામ કર્યો હતો અને ત્યાર પછી કાર મારફતે તેઓ દિલ્હી જવા નીકળ્યા હતા. અલવરના અભ્યાસીઓને તેમણે ખાતરી આપી હતી કે તેઓ તેમને મળવા ફરીથી આવશે.

## જબલપુર

૨૦મી જાન્યુઆરીએ પૂ.માસ્ટર દિલ્હીથી જબલપુર જવા વિમાનમાર્ગે રવાના થયા હતા. તેઓ જ્યારે તેમની રહેવાની જગ્યાએ પહોંચ્યા, ત્યારે રસ્તાની એક બાજુએ ઊભા રહીને, લગભગ ૨૦૦૦ અભ્યાસીઓએ એમનું અભિવાદન કર્યુંહતું.

૩૧મી તારીખે મધ્યપ્રદેશના ઝોનલ આશ્રમના ઉદઘાટન સહિતના ત્રણ દિવસના, વસંતોત્સવની શરૂઆત થઈ હતી. મેડિટેશન હોલ બ્રિટિશના સમયની જૂની ઢબની શૈલીથી બાંધવામાંઆવ્યો હતો, જેની માસ્ટરને તેઓ જ્યાં ભણ્યા હતા એ ક્રાઈસ્ટ ચર્ચની યાદ અપાવી હતી. સવારે૭.૩૦ વાગે અદભુત મેડિટેશન હોલની શીલાનું અનાવરણ કરીને અને રિબીન કાપીને તેમણે હોલમાં પ્રવેશ કર્યો હતો. તેઓ તેમની જગ્યાએ બેસે, ત્યાં સુધી અભ્યાસીઓ રાહ જોતા ઊભા રહ્યા હતા. સત્સંગ પછી હૃદયસ્પર્શી ભજનનો કાર્યક્રમ હતો અને તે પછી તેઓ આશ્રમસ્થળની મુલાકાતે ગયા હતા.

ઠંડીમા તંબુમાં રહેવાની અગવડ હોવા છતાં, અભ્યાસીઓ ખુશ હતા અને ધન્યતા અનુભવતા હતા. વાતાવરણ એક રીતે દિવ્ય સરોવર જેવું હતું. નાની ક્મ્ફર્ટ ડોરમેટરી, બૂક સ્ટોલ, લાયબ્રેરી અને ચીલ્ડ્રનસેન્ટર સહિત, પાયાની બધી સેવાઓનું આયોજન



જબલપુર





અને પ્રબંધ સારાં હતાં.

બીજી ફેબ્રુઆરીએ પૂ.માસ્ટર જ્યારે મેડિટેશન હોલમાં આવ્યા, ત્યારે દરેક જણને સમયસર બેઠેલા જોઈને તેઓ ખુશ થઈ ગયા હતા. તેમણે કહ્યું, "મહેરબાની કરીને શક્ય હોય એટલા જલ્દી તમારી જગ્યાએ બેસી જાઓ". ઘડિયાળમાં જોયા પછી, તેમણે હસીને કહ્યું હતું, "જમવાના ટેબલ પર જમવા માટે તમે કેટલી વાર સુધી રાહ જોઈ શકો! અરે ભાઈ, જલ્દી ખાવાનું આપો, ખરું ને. અહીં પણ એવું જ છે. હવે હું રાહ જોઈ શકતો નથી. મારે ધ્યાન શરૂ કરાવવું જ પડશે."

સત્સંગ પછી ભાઈ અજય ભટ્ટે સાધનાની નિયમિતતા માટે, ધ્યેયને હંમેશાં દ્રષ્ટિ સમક્ષ રાખવા માટે અને ભંડારાઓ દરમિયાન, માસ્ટરે આપેલી હાલતની આવશ્યકતા પર ભાર આપવા વિશે વકતવ્ય આપ્યું હતું. તેમણે પૂ.માસ્ટરે આપેલા નવા વરસના સંદેશની યાદ અપાવી હતી અને સૌને હૃદયમાં લક્ષ્ય માટેની તત્પરતા પેદા કરવાની ભાવનાનો આગ્રહ કર્યો હતો.

સાંજનો સત્સંગ માસ્ટરે કરાવ્યો હતો. તે પછીના વકતવ્યમાં તેમણે કહ્યું હતું, "જે શિસ્તબદ્ધ છે, એ જ શિષ્ય છે. એ એટલા માટે શિસ્તબદ્ધ છે કારણકે એનું હૃદય એને શિસ્તબદ્ધ થવા કહે છે; એનું મન નહીં. તે એટલા માટે શિસ્તબદ્ધ હોય છે, કારણકે તે પ્રેમ કરે છે; એટલા માટે નહીં કે એ ડરે છે. તે એટલા માટે શિસ્તબદ્ધ હોય છે કારણકે સૌથી વધુ તો એ જાણે છે કે માત્ર શિસ્ત જ તેને તેના માર્ગ પર તેના અંત સુધી સફળતાપૂર્વક લઈ જશે."

લગભગ ૩૮૦૦ અભ્યાસીઓ અને ૩૦૦ બાળકોએ આ વસંતોત્સવમાં ભાગ લીધો હતો.

## નાગપુર

ત્રીજીએ સવારે પૂ.માસ્ટર નાગપુર જવા રોડ માર્ગે નીકળ્યા હતા. રસ્તામાં સીઓની ખાતે રોકાયા હતા, જ્યાં લગભગ ૩૦૦ અભ્યાસીઓ એમની રાહ જોઈ રહ્યા હતા. માસ્ટર તાપમાં બેઠા હતા અને હાજર રહેલા બધા સાથે, ખાસ કરીને બાળકો સાથે આનંદથી વાતચીત કરી રહ્યા હતા.

બપોરના ભોજન પછી, તેઓ નાગપુર જવા નીકળ્યા હતા અને સીધા આશ્રમ જવાનુ નક્કી કર્યું હતું. આશ્રમ શહેરથી લગભગ ૧૨ કિ.મી. દૂર આવેલો છે. ત્યાં લગભગ ૧૨૦૦ અભ્યાસીઓ ભેગા થયા હતા. તેમના પ્રિયતમ માસ્ટરને જોઈને ખુશીથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સાડા છ કલાકની કપરી મુસાફરી કર્યા પછી, થોડો આરામ કરીને તેઓ મેડિટેશન હોલ પર સત્સંગ કરાવવા ચાલતા ગયા હતા. સત્સંગ પછી તેઓ એક નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ જોવા રોકાયા હતા. આશ્રમ પર જમ્યા પછી રાત્રિ રોકાણ કરવા માટે તેઓ એક અભ્યાસીના ઘેર ગયા હતા.

૪થીએ સવારે આશ્રમની બાજુમાં હાઉસીંગ કોલોનીની જમીનના કાગળની ફાળવણી કરી હતી. 'આત્માની મુસાફરી' નામની નૃત્યનાટિકાનો એક સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

પૂ.માસ્ટર જ્યાં રોકાયા હતા એ મકાન લગભગ ૧૦૦ વરસ જુનું હતું અને તે તેમના જબલપુરના ઘર જેવુ જ હતું. તેમણે કહ્યું કે પહેલાના સમયમાં લોકો વિશાળ હૃદયના હતા, એટલે તેઓ ઘર મોટાં બાંધતા હતા. અત્યારે આપણાં સંકુચિત મનને લીધે આપણાં ઘર પણ સંકોચાઈ ગયાં છે.

લાંબા સમય સુધી રાહ જોયા પછી થયેલી પૂ.માસ્ટરની નાગપુરની મુલાકાતથી,સેન્ટરની વૃદ્ધિ થવામાં જરૂર મદદ મળશે. સાંજે ૫૪૦ વાગે તેમણે વિમાન માર્ગે કોલકાતા જવા પ્રયાણ કર્યું હતું.

## કોલકતા

૪થી ફેબ્રુઆરીએ કોલકતાના એરપોર્ટ પર ઉમંગી અભ્યાસીઓનું ટોળું, પૂ.માસ્ટરના આગમનની રાહ જોઈ રહ્યું હતું. માસ્ટરની સાથે ૧૦૦થી ય વધારે અભ્યાસીઓ હતા, જેમાં ૯૦થી વધારે દરિયાપારના હતા. બધા સીધા આશ્રમ પર ગયા હતા.૫મી ફેબ્રુઆરીની સવારે, તેમણે સત્સંગ કરાવ્યો હતો જેમાં લગભગ ૮૦૦ અભ્યાસીઓ હાજર રહ્યા હતા.

૬ઠ્ઠી ફેબ્રુઆરીએ, સત્સંગ પછી ભાઈ એન. પ્રકાશ અને ભાઈ પેટ્રિક દ્વારા પ્રશ્નોત્તરીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. એ એક અનોખો અને સ્પષ્ટીકરણ કરનારો અનુભવ હતો. રસોડાના સ્વયંસેવકોએ પૂ.માસ્ટરને સાંજે જમવા માટે આશ્રમના ડાઈનીંગ હોલમા આમંત્રણ આપ્યું હતું અને માસ્ટરે તે પ્રેમથી સ્વીકાર્યું હતું. તે સાંજે તેઓ અભ્યાસીઓની સાથે જમ્યા હતા.

નાગપુર



કોલકતા






૭મી ફેબ્રુઆરીએ સત્સંગ શરુ કરતાં પહેલાં, માસ્ટરે વક્તવ્ય આપ્યું હતું અને ફરીથી એકવાર શિસ્તના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે સત્સંગ ઘણો જ મહત્ત્વનો હોય છે પરંતુ દૈનિક સાધના સત્સંગ કરતાં પણ વધારે મહત્ત્વની છે અને કોઈપણ ભોગે તે છૂટવી જોઈએ નહીં. તેમણે કહ્યું કે દસ નિયમોને પણ આપણા રોજિંદા જીવનમાં એવી રીતે વણી લેવા જોઈએ કે જેથી દરેક પરિસ્થિતિમાં તેને અનુસરી શકાય. તેમણે સૌને ભૌતિક અને આધ્યાત્મિક જીવન પ્રત્યેની અપેક્ષાઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટપણે સમજવાનો આગ્રહ કર્યો હતો. ઘણા લોકો જ્યારે તેમને કંઈક અણગમતું થાય, ત્યારે મિશન છોડી દે છે. આવું ન થવું જોઈએ, કારણકે આપણને ભૌતિક જીવનમાં સુખ અને દુ:ખના જે કંઈ અનુભવો થાય છે, તે ફક્ત આપણા સંસ્કારોના કારણે જ હોય છે.

સત્સંગ પછી બહેન અપર્ણા ઘોષે ભજનો ગાયાં હતાં. તે પછી પૂ.માસ્ટર ભાઈ શ્રી અજય ભટ્ટરના ઘરે જવા રવાના થયા અને તે પછીના ત્રણ દિવસ તેમણે તેમના ઘરે વિતાવ્યા. તેમના રોકાણ દરમિયાન ત્યાં તેઓ અભ્યાસીઓને મળ્યા, તેમજ તેમણે વ્યવસ્થાકીય બાબતોને સંબોધી અને સત્સંગ કરાવ્યા. ૧૦મીની સવારે પૂ.માસ્ટર ચૈન્નાઈ જવા રવાના થયા.

## નવીન પ્રકાશનો


ધ ગુરુ એન્ડ ધ ગોલ





હાર્ટસ્પીક ૨૦૦૫ (કન્નડ)




રોલ ઓફ માસ્ટર ઈન હ્યુમન ઈવોલ્યુશન (તેલુગુ)




માય માસ્ટર (હિંદી)





રિયાલીટી એટ ડોન





ટ્રુથ ઈટરનલ





ટ્રુથ ઈટરનલ (તમિલ)




હી ધ વન્ડર –વો.૨ (હિંદી)




માય માસ્ટર (મલયાલમ)



અભ્યાસી ડાયરી




## અભ્યાસી તાલીમી કાર્યક્રમો

### પનવેલ, મુંબઈ


૨૫ થી ૨૭ ડિસેમ્બરની ત્રણ દિવસની માહિતીના આદાન-પ્રદાન કરવાની બેઠકમાં ૩૫ જણાએ ભાગ લીધો હતો. પ્રથમ દિવસે પુસ્તક વાંચનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં 'સત્યનો ઉદય' પુસ્તકનાં પ્રકરણો હિન્દી અને અંગ્રેજીમાં વાંચવામાં આવ્યાં. પૂ.માસ્ટરની વિડિયો ફિલ્મ 'સી ઓફ લવ' પણ બતાવવામાં આવી હતી. બીજા દિવસે સહજ માર્ગનો અભ્યાસ અને સ્વયંસેવકના કાર્ય વિષે ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લા દિવસના કાર્યક્રમની શરૂઆત અભ્યાસીઓના પ્રતિભાવથી કરવામાં આવી હતી અને તે પછી ધીરજ, પ્રેમ અને શિસ્ત જેવા વિષયો પર કોઈપણ જાતની પૂર્વતૈયારી વિના ચર્ચા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવસના અંતે દરેક અભ્યાસીએ તેમની પૂજ્ય માસ્ટર સાથેની પ્રથમ મુલાકાતના અનુભવોની વાત કરી હતી. કાર્યક્રમનો વિષય હતો 'ભવિષ્યમાં જુઓ', અર્થાત પોતાનું આંતરિક નિરીક્ષણ કરીને પોતાનામાંથી ૩ 'એમ' (માસ્ટર-મિશન-મેથડ) પ્રત્યેના પરિવર્તનોને બહાર લાવવાં. ત્રણ દિવસ દરમિયાન આ સારી રીતે આવરી લેવામાં આવ્યું હતું

## ભુજ આશ્રમ, શિલારોપણ વિધિ

૨૪મી જાન્યુઆરીએ, ભુજ કેન્દ્રના પ્રશિક્ષક, ડો. એન.ઓ.ચૌહાણે આશ્રમની શિલારોપણ વિધિ કરી હતી. આ શુભ અવસરે, ૭૫ કરતાં વધુ અભ્યાસીઓ સ્થળ ઉપર હાજર હતાં અને સૌએ પૂ.માસ્ટરની હાજરી અનુભવી હતી. વર્ષ ૨૦૦૫ માં, સીટી સ્કવેર ટાઉનશીપ દ્વારા આશ્રમને ૯૭૮૭.૩ ચો.વા. જેટલી જમીન દાન કરવામાં આવી હતી. આ જગ્યા ભુજ શહેરથી ૧૨ કિ.મિ. દૂર છે.



## આપણા પ્રિય ગુરુજીના ૮૪મા જન્મદિવસનો ઉત્સવ




તારીખ : જુલાઈ ૨૩ થી ૨૬, ૨૦૧૦
સ્થળ : બાબુજી મેમોરિયલ આશ્રમ, શ્રી રામચંદ્ર મિશન, આઈ આઈ એમ રોડ, લખનૌ (યુ.પી), ઈન્ડિયા.

વ્હાલા ભાઈઓ અને બહેનો,
પ્રણામ,
પૂ.માસ્ટરના શબ્દોમાં કહીએ તો "તે (ભંડારા) ખૂબ જ સુગંધિત અને ઠંડા પાણીના સરોવરમાં સ્નાન કરવા જેવું છે અને તે અભ્યાસીના નવિનીકરણને શક્ય બનાવે છે અને તેમાં સ્નાન કરવાથી, હકીકતમાં તેમાં ડૂબવાથી જ તે શક્ય બને છે." આપણા પૂજ્ય માસ્ટરના ૮૪મા જન્મદિવસના ખુશીના અવસર ઉપર, આપણને તેમની અનંત કૃપાના સમુદ્રમાં, આપણી જાતને ડૂબાડવાની એક વધુ તક આપવા માટે, આપણે આપણા પૂજ્ય માસ્ટરના આભારી છીએ. ભંડારાનું આયોજન લખનૌ શહેરમાં ૨૨મી અને ૨૬ મી જૂલાઈની વચ્ચે કરવામાં આવ્યું છે અને તે ઉપરાંત આપણે ૨૫મી જૂલાઈ, ગુરૂ પૂર્ણિમાનો શુભ પ્રસંગ પણ આપણા પૂજ્ય માસ્ટરની દિવ્ય અને શારિરિક ઉપસ્થિતિમાં ઉજવવાના છીએ.

આપણે જીવીએ તે દરેક ક્ષણ અને આપણે લઈએ તે દરેક શ્વાસ, આપણા અસ્તિત્વને આગળ વધવા માટે દિવ્ય ગુરુજી દ્વારા આપવામાં આવેલી મંજૂરીના આભારનો એક ઉદગાર બને. આ શુભ અવસર પર, ચાલો આપણે સૌ મોટી સંખ્યામાં ભેગા થઈને પ્રેમ અને આભારથી ભરેલા હૃદય સાથે પોતાની જાતને આ ખૂબ જ મહત્ત્વના સરોવરમાં ડૂબાડી દઈએ.

પ્રેમપૂર્વક,
અજય ભટ્ટર

આ આમંત્રણ અને રજીસ્ટ્રેશન તેમજ લખનૌના પ્રવાસની માહિતી, વગેરે મિશનની વેબસાઈટ ઉપર નીચેની લિન્ક પર ઉપલબ્ધ છે:

http://www.sahajmarg.org/24july2010/index.jsp

કૃપા કરીને સમારોહની બદલાતી માહિતી માટે આ વેબપેજની મુલાકાત લો. અભ્યાસીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાનું રજીસ્ટ્રેશન શક્ય તેટલું વહેલું કરે, ૧૫ મે, ૨૦૧૦ પહેલાં કરવું વધારે સારું રહેશે.
કોઈપણ જાતની સ્પષ્ટતા માટે કૃપા કરીને સંપર્ક કરો :
24july.registration@srcm.org or 24july.helpdesk@srcm.org


## પ્રવાસ અંગેની વિનંતી કરવાની માહિતી અને આવેદનપત્રો

જે અભ્યાસીઓ મણપાક્કમ અથવા ભારતના અન્ય એસ.આર.સી.એમ. આશ્રમની મુલાકાત લેવાનું આયોજન કરી રહ્યા હોય, તેમને માટે હવે અહીં માહિતી ઉપલબ્ધ છે: http://www.sahajmarg.org/smww/bma-request-to-visit.

જે અભ્યાસીઓ, મણપાક્કમ આશ્રમની મુલાકાતની, પૂ.માસ્ટર સાથેના પ્રવાસ અંગેની અથવા ભારતમાં ભંડારામાં ભાગ લેવાની ઈચ્છા ધરાવતા હોય, તેમને માટે પ્રવાસ અંગેનું વિનંતીપત્ર ભરવાનું ફરજીયાત છે.
જે કોઈ વ્યક્તિ પરવાનગી માટેની વિનંતી કરતી હોય, તેની ભલામણ, તેના પ્રશિક્ષક અને તેના દેશના ઈન્ચાર્જ/ પ્રાદેશિક કો–ઓર્ડિનેટર દ્વારા કરવામાં આવે, તે જરૂરી છે.

## ભૂતકાળમાં ડોકિયું


નવેમ્બર ૧૯૫૦ (બાબુજીની ડાયરીમાંથી): "માલિકના આદેશોને અનુસરવા એ પૂજા કરતાં વધુ સારું છે. જો કોઈ વ્યક્તિ લાલાજી મહારાજનો હેતુ પૂરો પાડશે, તો હું તેના પ્રત્યે આકર્ષિત થઈશ."




૧૯૫૪ : 'રિયાલીટી એટ ડોન (સત્યનો ઉદય)' પુસ્તક વર્ષ ૧૯૫૪માં સૌ પ્રથમ વાર પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ ચિત્ર તેના મુખપૃષ્ઠને પ્રદર્શિત કરે છે.

આ પુસ્તકમાંથી અવતરણ:
"શક્ય એટલા ઓછા સમયમાં લક્ષ્ય સુધી પહોંચવાની અધીરાઈ અને સતત બેચેની, એ સૌથી મહત્ત્વનું પરિબળ છે, જે આપણી ઝડપી પ્રગતિમાં ફાળો આપે છે."

"વિનમ્રતા એ વ્યક્તિને આધ્યાત્મિક પ્રવૃતિ સાથે જોડનારી અગત્યની જરૂરિયાતોમાંની એક છે. તેની વ્યાખ્યા ખૂબ જ વિશાળ છે અને માનવીય પ્રવૃતિઓના દરેક પાસાને તે આવરી લે છે. તેનો અર્થ છે, કોઈ ખાસ સમયના કોઈ ચોક્કસ હેતુ માટે, સ્વાભાવિક જરૂરિયાત કરતાં સહેજે વધુ નહીં કે ઓછું નહીં, એ રીતે કરેલું દરેક ઈન્દ્રિયો અને શક્તિઓનું સંતુલન કે જેના દ્વારા મન ઉપર નજીવી છાપ પણ ન રહે."




ડિસેમ્બર ૧૯૫૭:
પૂજ્ય બાબુજી મહારાજ દ્વારા, ગુલબર્ગા, કર્ણાટકના વાર્ષિક સમારોહમાં આપવામાં આવેલ સંદેશ, 'ઈઝીએસ્ટ વે ટુ ગોડ રિઅલાઈઝેશન (ઈશ્વર સાક્ષાત્કારનો સૌથી સરળ માર્ગ)'માંથી:
"મારા વ્યક્તિગત અનુભવના આધારે હું એક સાદી પધ્ધતિ બતાવું છું, જે સૌ સરળતાથી પોતાના જીવનમાં અપનાવી શકે છે. જો કોઈ પોતાનું હૃદય વેચી શકે, અર્થાત જો તે દિવ્ય માલિકને ભેટ કરી શકે, તો પછી તેના માટે ભાગ્યે જ કંઈ કરવાનું બાકી રહે. કારણકે આનાથી તે 'અનંત સત્ય'માં ડૂબેલા હોવાની અવસ્થાએ સ્વાભાવિક રીતે પહોંચશે."

"વધુ એક વાત: હૃદયને સમર્પિત કરવા જરૂર છે, દ્રઢ સંકલ્પની. સંકલ્પ જેટલો હળવો અને શુધ્ધ હશે, તેટલું જ તે અસરકારક રીતે કાર્ય કરશે."

મૂળસ્ત્રોત: રિયાલીટી એટ ડોન (સત્યનો ઉદય) , કમ્પ્લીટ વર્કસ ઓફ રામચંદ્ર, વોલ્યુમ ૩ (ઓટોબાયોગ્રાફી ઓફ રામચંદ્ર વો.૨ અને મેસેજીસ યુનીવર્સલ)

કૃપા કરીને ત્યાં આપેલ માર્ગદર્શિકા અને આવેદન પ્રક્રિયાને કાળજીપૂર્વક અનુસરો. સતખોલ, કેસ્ટ અને મિશનના રિટ્રીટ સેન્ટર્સના પ્રવાસ માટેની મંજૂરી અલગથી લેવી જરૂરી છે, જે તે સેન્ટરના વ્યક્તિગત વેબપેજ પરથી મળી શકશે.

## પૂજ્ય લાલાજી મહારાજના જન્મદિનની ઉજવણી



૨જી ફેબ્રુઆરીના રોજ, દેશના બધા જ કેન્દ્રોમાં, પૂજ્ય લાલાજી મહારાજના જન્મદિવસની ઉજવણી વસંત ઉત્સવના રૂપે કરવામાં આવી. રાજ્ય અનુસાર તેનો અહેવાલ નીચે પ્રમાણે છે:

આંધ્રપ્રદેશમાં કોલાકાલુરૂ અને ખમ્મમ વિસ્તારમાં આખા દિવસનો કાર્યક્રમ ઉજવ્યો. કોલાકાલુરૂ કેન્દ્રે વકતવ્યો, ક્વીઝ કાર્યક્રમ, અને નાનકડી નાટિકાનો કાર્યક્રમ રજૂ કર્યો, જેનાં વિષયો હતાં, આપણે લાલચનો શિકાર કેવી રીતે બનીએ છીએ અને માલિકની મદદ અને સતત સ્મરણ દ્વારા આપણે તે પરિસ્થિતિમાંથી બહાર કેવી રીતે આવીએ છીએ. ખમ્મમ કેન્દ્રમાં, આજુબાજુના કેન્દ્રોમાંથી કુલ ૧૬૪ અભ્યાસીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો.

આસામના ગૌહતિ કેન્દ્રમાં આ ઉજવણીમાં કુલ ૧૫૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. બહારગામથી આવતા અભ્યાસીઓ માટે, ઝોનલ આશ્રમની ખાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વાસ, જીવંત માલિકનું મહત્ત્વ અને સહજ માર્ગ અને ભગવદ ગીતા પર પૂ.માસ્ટરના વકતવ્યો સંભળાવવામાં આવ્યા હતા અને તેના પછી લાલાજી મહારાજ વિશેના અને મૂલ્ય આધારિત પ્રવૃત્તિઓનાં કેટલાંક ઓડિયો તેમજ વિડિયો દર્શાવવામાં આવ્યા હતા. આ ઉત્સવનું આયોજન, એ સ્થાનિક અભ્યાસીઓ માટે શીખવાનો અનુભવ રહ્યો.

ખમ્મમ



ગૌહતિ



ઝારખંડના લાલપાનિયા કેન્દ્રએ ઉત્સવને ખૂબજ ઉત્સાહ અને ભક્તિથી ઉજવ્યો. સવારના ૭.૩૦ વાગ્યાના સત્સંગ પછી ભાઈ શ્રી એન. કે. શાહે, લાલાજીના બોધને યાદ કર્યો. બહેન રત્ના શાહ દ્વારા, માલિક, મિશન અને પધ્ધતિ ઉપર, ક્વીઝ યોજવામાં આવી. તે ઘણું રસપ્રદ રહ્યું અને અભ્યાસીઓએ તેમાં હૃદયપૂર્વક ભાગ લીધો. આ અધિવેશને અભ્યાસીઓમાં ભક્તિ જગાડી અને તેમનાં કુટુંબીજનો કે જેઓ અભ્યાસી ન હતા તેમનામાં રસ ઉત્પન્ન કર્યો. સાંજના સત્સંગ પછી આ ઉત્સવ પૂર્ણ થયો.

કર્ણાટકના ગુલબર્ગ, હુબલી અને બીડરમાં સમારોહની ઉજવણી રાખવામાં આવી. ગુલબર્ગ કેન્દ્રમાં આ શુભ દિવસે ૧૪ જિજ્ઞાસુઓએ પ્રાથમિક સીટીંગ લીધી. હુબલી કેન્દ્રમાં ૧૫૦ કરતાં વધુ અભ્યસીઓએ આખા દિવસના કાર્યક્રમમાં ભાગ લીધો. તે દિવસ કૃપા અને પ્રેમથી ભરપૂર હતો.

મેંગલોરમાં લાલાજી મહારાજના જન્મ દિવસે આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૫૦ જેટ્લા અભ્યાસીઓએ ભાગ લીધો હતો. બે સત્સંગ ઉપરાંત તેમણે પૂ.માસ્ટરના 'સેવા દ્વારા પ્રેમનો વિકાસ' વકતવ્યનું વાંચન કર્યું હતું. ભોજન પછીના અધિવેશનમાં અભ્યાસીઓ દ્વારા ગવાયેલા ગીતોનો તેમજ તેમના વકતવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બધાં વકતવ્યો લાલાજીના જીવન વિશે હતાં અને વકતાઓએ તેમના શિક્ષણ પ્રત્યે સૌનું ધ્યાન દોર્યું. બપોર પછીની સભામાં માસ્ટરનું વ્યાખ્યાન 'સી ઓફ લવ – પ્રેમનો સમુદ્ર' સંભળાવવામાં આવ્યું.

નવેમ્બર ૨૦૦૮માં પરમધામ આશ્રમના ઉદઘાટન બાદ પહેલીજ વાર બેંગ્લોરના અભ્યાસીઓ પૂજ્ય લાલાજી મહારાજનો જન્મદિવસ ઉજવવા અહીં એકત્રિત થયા હતા. લગભગ ૧૩૦૦ અભ્યાસીઓ અને ૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો. પૂ.લાલાજીના જીવન અને શિક્ષણ પર કેટલાંક વકતવ્યો રાખવામાં આવ્યાં હતાં. લાલાજી મહારાજના જીવન ઉપરની ફિલ્મ સીસીટીવી પર આશ્રમના જુદા જુદા વિસ્તારોમાં બતવવામાં આવી હતી કે જેથી વધારે ને વધારે અભ્યાસીઓ તેને જોઈ શકે. સાંજના સત્સંગ દ્વારા ઉત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી.

કેરાલામાં અલુવા, એરનાકુલન, પલક્કડ, પત્તામ્બી અને કસરગોડ જેવા કેન્દ્રો

હુબલી



મેંગલોર



બેંગ્લોર





અલુવા



મીરજાપૂર



કોલકતા

પર આશ્રમમાં આખા દિવસના કાર્યક્રમોના આયોજન સાથે વસંત ઉત્સવ ઉજવ્યો. દિવસની શરૂઆત સવારે ૭.૩૦ વાગ્યાના સત્સંગ સાથે થઈ અને ત્યારબાદ નાસ્તો અને પછી લાલાજી મહારાજના જીવન ઉપરની વીડિયો દર્શાવવામાં આવી. ઉત્સવમાં ભજનો ગાવામાં આવ્યા તેમજ મિશનના સહિત્યનું વાંચન પણ કરવામાં આવ્યું. પલક્કડ કેન્દ્ર પર પથરીપલા, નેમારા, કોંગડ અને ઓટાપાલમ કેન્દ્રના અભ્યાસીઓ ભેગા થયા હતા.

કસરગોડ કેન્દ્રે સ્વ–અવલોકન માટે પ્રશ્નોતરીનું આયોજન કર્યું હતું કે જેમાં વિવિધ વિષયો સમાવવામાં આવ્યા હતા જેવા કે – સમાજમાં અભ્યાસીઓનું વર્તન, કાર્ય પ્રત્યે તેમનો અભિગમ, કુટુંબ, શારીરિક અને માનસિક અવસ્થા પ્રત્યે દેખરેખ અને આધ્યાત્મિકતા. લાલાજી મહારાજ નૈતિકતાને જેવી રીતે મહત્વ આપતાં હતાં તેને ધ્યાનમાં રાખીને આ પ્રશ્નોતરી તૈયાર કરવામાં આવી હતી. આમાં ભાગ લેનારા દરેકે ઉત્સવ દરમિયાન વાતાવરણની દિવ્યતા તેમજ કૃતજ્ઞતા અનુભવી હતી.

ઉત્તરપ્રદેશના મીરજાપૂર કેન્દ્રે વસંત ઉત્સવ ખૂબજ ઉત્સાહ અને જોશ સાથે ઉજવ્યો હતો. સવારના સત્સંગ પછી વિવિધ વિષયો પર વકતવ્યો આપવામાં આવ્યાં હતાં. ભક્તિપૂર્ણ ગીતો ગાવામાં આવ્યા હતાં અને લાલાજી મહારાજના અવતરણો વાંચવામાં આવ્યાં હતાં.

પશ્ચિમ બંગાળના કેન્દ્રો જેવા કે કોલકતા, ગંગટોક, રાનીગંજ, અને સીલીગુડીએ પણ ઉત્સવ ખૂબજ ઉત્સાહ, આનંદ અને આંતરિક ખુશી સાથે ઉજવ્યો હતો. રાનીગંજ કેન્દ્રે સત્સંગ પછી પ્રશ્નોતરીનું આયોજન કર્યું હતું. કોલકતા કેન્દ્રના અભ્યાસીઓએ વ્હિસ્પર્સના સંદેશાઓ તેમજ 'ડેઈલી રીફલેક્શન' વાંચ્યા હતા અને તેના અર્થ પર ધ્યાન કરવામાં આવ્યું. સાંજના સત્સંગ સાથે આયોજન પૂર્ણ થયું તે પહેલાં લાલાજી મહારાજના જીવન ઉપરની વિડિયો બતાવવામાં આવી.

## સ્ત્રીઓનું સ્ટડીગૃપ, કોલકતા

કોલકતા આશ્રમમાં યુવતીઓએ સહજમાર્ગના વિવિધ પાસાઓ કે જે તેમના જીવનને અસર કરે છે, તેના ઉપર ચર્ચા વિચારણા માટે પહેલ કરી હતી. દર અઠવાડિયે એક વિષય પંસદ કરવામાં આવે છે અને દરેક સભ્યને તે વિષય પરના પોતાના અનુભવો બતાવવા ભેગા થવાનું હોય છે. આવી એક બેઠકમાં સહજમાર્ગના દસ નિયમોમાંથી એક – 'સર્વેને પોતાના ભાઈઓ માનો અને તેમની સાથે તેવી રીતે વર્તન કરો' પર ચર્ચા કરવામાં આવી હતી. પરિવારમાં જે સમસ્યાઓનો સામનો કરવામાં આવે છે, જેમકે મોટા થતાં બાળકો સાથે વ્યવહાર કેવી રીતે કરવો અને આપણાં મૂલ્યો તેમજ પશ્ચિમી સભ્યતાના વધતા જતા પ્રભાવ વચ્ચે સંતુલન કેવી રીતે જાળવવું, તેનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. ચર્ચાની આવી જ એક બેઠકમાં એ જણાયું કે જેમ આપણે આપણા બાળકોને તેમના પોતાના સારા માટે સિધ્ધાંતનું પાલન કરવાનો આગ્રહ રાખીએ છીએ, તેવી જ રીતે આપણે પણ માલિકના બાળકો તરીકે, આપણી પ્રગતિ માટે આપણે 'તેમના' આદેશોનું પાલન કરવું જોઈએ. ડાયરી લેખન, અહંકાર સામે કેવી રીતે વર્તવું, વૈશ્વિક પ્રાર્થના, સતત સ્મરણ, વગેરે વિવિધ વિષયો પર પણ અનેક બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી. દરેક સભ્યને તેણીનો વ્યક્તિગત વિચાર, સમસ્યા તેમજ તેના ઉકેલ માટે બોલવા તક આપવામાં આવતી હતી. તેમના રોજિંદા જીવનમાં આવતી પરિસ્થિતિઓમાંથી કેવી રીતે પસાર થવું, તેના માટે સહજમાર્ગના વિવિધ પાસાઓની મદદનું મહત્ત્વ પણ તેમને સમજાયું હતું. બધાએ વ્યકત કરેલા અભિપ્રાય દ્વારા જણાયું કે આવી ચર્ચાઓથી જીવનમાં સહજમાર્ગના વિવિધ સિધ્ધાંતોના અમલ માટે તેમનામાં વધુ આત્મવિશ્વાસ, વધુ સ્પષ્ટતા આવે છે અને બીજા નવા દ્વાર ખોલવામાં તે મદદરૂપ થાય છે.

## લાલપાનીયામાં પીકનીક



ઝારખંડના રાંચી અને લાલપાનીયા કેન્દ્રના અભ્યાસીઓએ ભેગા મળીને સહજમાર્ગની ચર્ચા કરવા અને સાથેસાથ પીકનીક ગોઠવવાનો વિચાર કર્યો. આમાં લાલપાનીયા કેન્દ્ર યજમાન બન્યું અને રાંચી કેન્દ્રના ભાઈ રામવતાર સાહુએ આ કાર્યક્રમને સાકાર કર્યો. ૨૬મી ડીસેમ્બરે લગભગ ૨૦ અભ્યાસીઓ લાલપાનીયા ગયા અને લાલપાનીયાના અભ્યાસીઓએ તેમનું ભ્રાતૃભાવથી ટી.ટી.બી.એસ. ગેસ્ટ હાઉસમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું. કુદરતી અને અતિ સુંદર ઝરણાંઓ રાંચી કેન્દ્રના અભ્યાસીઓ માટે ઘણાં સ્ફૂર્તિદાયક હતા. સહજમાર્ગના પાસાઓની મુક્તપણે થયેલી ચર્ચા વિચારણા પણ એટલીજ ઉત્સાહવર્ધક હતી. એની અસર એવી હતી કે લાલપાનીયાના ૩ અને રાંચીના ૧ સભ્યે તરતજ તેમની પ્રથમ સીટીંગ લીધી હતી. ભોજન, યજમાનગીરી તેમજ પ્રેમ, બધુંજ પૂ.માલિકના શાંત કાર્યની યાદ અપાવતું હતું અને તે દરેકને આવા કાર્યક્રમના આયોજન માટે પ્રોત્સાહન આપતું હતું.

## પ્રાથમિક ધોરણે ટ્રેનીંગ પ્રોગ્રામ

એસએમઆરટીઆઈએ આપેલા ઓડિયો વિઝુઅલ ટ્રેઈનીંગના સાધનોની મદદથી સહજમાર્ગની ધ્યાનની પધ્ધતિની સાધના માટે ઘણી સ્પષ્ટતાઓ થઈ. પૂ.માસ્ટરના વકતવ્યોના ઓડીયો અને વીડીયોના આંશિક પ્રસારણે પણ અભ્યાસીઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ કાર્યક્રમ એસએમઆરટીઆઈ માંથી તાલીમ પામેલા સભ્યોએ કર્યું હતું અને તેનાથી આવા કાર્યક્રમો વિવિધ કેન્દ્રોમાં વારંવાર અને સરળતાથી થઈ શકે તે માટેનો માર્ગ મોકળો થયો છે.

નીચે જણાવેલા કેન્દ્રો પર કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા કે જેમાં ભાગ લેનારાઓએ તેને વખાણ્યા હતા અને આવા કાર્યક્રમોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે આવા કાર્યક્રમો વધુ પ્રમાણમાં ગોઠવવાથી અભ્યાસીઓ સાધનામાં ઉત્સાહીત થાય છે તેમજ તેમને નિયમિત બનવામાં પ્રોત્સાહન મળે છે.

- ૭મી ફેબ્રુઆરીએ **રાયચુર** કેન્દ્ર પર ૩૨ સભ્યો સાથે આ કાર્યક્રમનું આયોજન થયું.
- આંધ્રપ્રદેશના **નેલ્લોર** કેન્દ્ર પર ૧૦મી જાન્યુઆરીના રોજ આ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો, જેમાં ૨૮ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. તેમાંના મોટા ભાગના યુવાન હતા. તેમનાં મનમાં ઘણાં જ પ્રશ્નો હતાં અને દિવસને અંતે તેમને સ્પષ્ટતાઓ થઈ હતી અને તેમણે સંતોષ અનુભવ્યો હતો.
- આંધ્રપ્રદેશના **ચિત્તુર** કેન્દ્રે તા.૩જી જાન્યુઆરીના રોજ આ કાર્યક્રમ ગોઠવ્યો હતો. લગભગ ૩૨ અભ્યાસીઓએ આમાં ભાગ લીધો હતો.
- તામિલનાડુના **થેની** કેન્દ્રે ૭મી ફેબ્રુઆરીના રોજ આ કાર્યક્રમ ગોઠવ્યો હતો. ૧૫ અભ્યાસીઓ કે જેઓને મિશનમાં જોડાયાને ૨ વર્ષથી ઓછો સમય થયો હતો, તેમણે તેમના નામ નોંધાવ્યા હતા. આવો કાર્યક્રમ આ કેન્દ્રમાં પ્રથમ વખત યોજાયો હતો. બધા અભ્યાસીઓ દ્વારા ખૂબજ ઉત્સાહથી તેને વધાવવામાં આવ્યો.
- કોઈમ્બતુરની નજીકના **અન્નુર** કેન્દ્રે આ કાર્યક્રમ તા.૧૪મી ફેબ્રુઆરીના રોજ ગોઠવ્યો હતો. આનું આયોજન કોઈમ્બતુરના ભાઈ પલાની કુમારને કર્યું હતું અને ૨૦ અભ્યાસીઓએ તેમાં ભાગ લીધો હતો. આ કેન્દ્ર થોડા જ મહિનાઓ પહેલાં શરૂ થયું છે અને આ કાર્યક્રમથી ઘણુંજ પ્રોત્સાહન મળ્યું.


Chittoor


Annur


Raichur

## નિબંધ લેખન – સર્ટીફીકેટ્ની વહેંચણી

**વિઝાગ** આશ્રમમાં ૭મી ફેબ્રુઆરીના રોજ ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. યુનાઈટેડ નેશન્સના યુથ ડે (૧૨મી ઓગષ્ટ, ૨૦૦૯)ના રોજ ગત વર્ષે યોજાયેલ ઓલ ઈન્ડીયા એસે કોમ્પીટીશનમાં આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને તેના વિજેતાઓને સર્ટીફીકેટ વહેંચવામાં આવ્યા હતા. લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓએ તેમના વાલીઓ અને શિક્ષણ સંસ્થાના વડાઓ સાથે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આંધ્ર મેડીકલ કોલેજને સર્વશ્રેષ્ઠ કાર્ય માટે શિલ્ડ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન લગભગ ૪૨૦ સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. ઘણા લોકોએ આપણા મિશનને પ્રેમ, એકતા અને યુવાનોમાં ભાઈચારો જેવા માનવીય મૂલ્યોના પ્રચાર માટે બીરદાવ્યો હતો.

**હૈદ્રાબાદ** કેન્દ્ર પર ઝોન (ઉત્તર આંન્ધ્ર)ના વિજેતાઓ માટે ૭મી ફેબ્રુઆરીના રોજ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને તેમના વાલીઓ સાથે બોલાવવામાં આવ્યા હતા અને દરેક વિજેતાને સર્ટીફીકેટ સાથે 'મારા ગુરુદેવ' પુસ્તિકા આપવામાં આવી હતી. ઈનામ વિતરણ પછી ચર્ચા વિચારણા દરમિયાન આપણી સંસ્થા વિષે અને માનવતાને આ સંસ્થા દ્વારા શું આપવામાં આવે છે, તેના વિષે તેમને જાણ કરવામાં આવી હતી. શ્રોતાગણને નિબંધના વિષય પર તેમના વિચારો વ્યકત કરવા આમંત્રણ આપવામાં આવ્યું. યુવાનોને તેમના વિચારો વ્યક્ત કરતાં જોતાં અનેરો આનંદ મળ્યો. બધાએ આશા વ્યક્ત કરી કે માત્ર પ્રેમ જ આ વિશ્વને વધુ સારી જગ્યા બનાવી શકે છે. અમુક વાલીઓએ તથા શિક્ષકોએ આપણા જેવી સંસ્થાઓના કાર્યને બીરદાવ્યું કે જે માનવતાના ભલા માટે મુક્ત રીતે પોતાનો ફાળો આપી રહી છે.

**ચિત્તાવલીકુલ્લમમાં, વિરુધુનગર** આશ્રમમાં ૨જી ફેબ્રુઆરીના રોજ એસ.આર.સી.એમ.ના જોઈન્ટ સેક્રેટરી ભાઈ શ્રી એ.પી.દુરાઈએ સર્ટિફીકેટો આપ્યા હતા. કુલ ૪૩ વિદ્યાર્થીઓએ તેમના સર્ટીફીકેટો લીધા હતા. સાંજે વાલીઓ તેમજ આગંતુકો માટે ઓપન હાઉસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

**સુરતમાં** ક્ષેત્રિય વિજેતાઓને તેમના વાલીઓ, શિક્ષકો તેમજ પ્રિન્સીપલની હાજરીમાં સર્ટીફીકેટો આપવામાં આવ્યા હતા. ગુજરાતના ઝોનલ કો–ઓર્ડિનેટર ભાઈ વિનય ચાવડાએ લગભગ ૪૫ મહેમાનોને આવકાર્યા હતા અને નિબંધલેખન વિષે સમજ પૂરી પાડી. ભાઈ ડૉ.સુરેન્દ્ર અગ્રવાલે(સી.આઈ.સી સુરત) એસ.આર.સી.એમ.ની વિવિધ પ્રવૃત્તિઓની એક પ્રેઝન્ટેશન દ્વારા વિશેષ માહિતી આપી અને સહજમાર્ગ હેઠળ કરવામાં આવતી ધ્યાન પધ્ધતિ વિષે ભારપૂર્વક સમજાવ્યું.



હનુર



ધારવાડ



ગાંધીગ્રામ



## વીબીએસસી કાર્યક્રમો

### ગાંધીગ્રામ, તામિલનાડુ

લક્ષ્મી કોલેજ ઓફ એજ્યુકેશન, ગાંધીગ્રામના તાલીમી અને શિક્ષકગણના સભ્યો માટે ગાંધીગ્રામ રૂરલ યુનિવર્સીટી અને ગાંધીગ્રામ ટ્રસ્ટે બે દિવસનો વીબીએસસીનો કાર્યક્રમ રાખ્યો હતો. તા.૮મી તેમજ ૯મી જાન્યુઆરીએ રખાયેલા આ કાર્યક્રમમાં ૨૫૦ લોકોએ ભાગ લીધો હતો. પ્રથમ દિવસે બહેન સીતાએ મનના નિયમનની જરૂરિયાત અને તેના ઉપાયો વિષે, મૂલ્યો, ચારિત્ર્ય નિર્માણ અને સમતોલ જીવન વિષે વ્યાખ્યાન આપ્યું હતું. બીજા દિવસે યોગ અને સહજમાર્ગ વિષે પાવર પોંઈન્ટ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ધ્યાન અને આધ્યાત્મિકતાના ફાયદાઓ વિષે વક્તવ્યો આપવામાં આવ્યા. કાર્યક્રમની વિશેષતા એ હતી કે ગાંધીગ્રામ ટ્રસ્ટના અનાથ બાળકો સાથે વાતચીત કરવામાં આવી. તેઓને મિશનની પ્રાર્થના અને તેનો અર્થ સમજાવવામાં આવ્યા. સ્વંયસેવકોએ લક્ષ્મી સેવા સંગમ સિધ્ધ મેડીસીન પ્રીપરેશન યુનીટની મુલાકાત લીધી હતી અને તેના કારીગરોને સંબોધન કર્યું હતું.

### ધારવાડ, કર્ણાટક

૯મી જાન્યુઆરીના રોજ ધારવાડના વિદ્યાવર્ધક હોલમાં વીબીએસઈ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલા બાલાગા, જેએસએસ સ્કુલ અને બીજી શાળાઓના ૪૦થી પણ વધારે શિક્ષકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. સવારનું સત્ર બહેન આશા અને બહેન સરોજાએ સંભાળ્યું, જેમાં તેમણે મૂલ્યોની અગત્યતા અને બાળકોને મૂલ્યો કેવી રીતે શીખવવા, તેના વિષે કહ્યું. બપોરે ભાઈ કામથ મનના નિયમન અને ધ્યાન વિષે બોલ્યા. સાંજે ૫ થી ૭ વાગે બહેન વરલક્ષ્મીએ વાલીઓ માટેના સત્રનું સંચાલન કર્યું. બાલવિકાસ એકેડેમીના પ્રેસીડેન્ટ શ્રી શંકર હલગત્તીએ કાર્યક્રમની પ્રશંસા કરી.

### કોલકતા

૧૦મી જાન્યુઆરીના રોજ કોલકતા કેન્દ્રે વીબીએસઈના સ્વયંસેવકો માટે તાલીમી કાર્યક્રમ રાખ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વીબીએસઈ વિષે સમજાવવાનો તથા તેને કેવી રીતે અમલમાં મૂકવું, તે જણાવવાનો હતો. વીબીએસઈ એના ઉપર ભાર મૂકે છે કે કોઈને પણ કશું શીખવી શકાતું નથી. શિક્ષણ હૃદયથી વિકસે છે અને વિદ્યાર્થીમાંથી સારામાં સારૂ બહાર લાવે છે. કિશોરોને આધ્યાત્મિક મૂલ્યો ઉપર વ્યવહારી શિક્ષણ આપવામાં આવે છે કે જેથી તેઓ મુશ્કેલીઓનો સામનો મજબૂતાઈથી કરી શકે. વીબીએસઈ કેવી રીતે કાર્ય કરે છે તે વિવિધ પ્રયોગો દ્વારા બતાવવામાં આવ્યું. આ કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ સાંપડયો. ઘણાં સ્વયંસેવકોએ સ્થાનિક વીબીએસઈ ટીમમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### હનુર, કર્ણાટકા

૧૭મી જાન્યુઆરીના રોજ હનુર કેન્દ્રમાં શિક્ષકો માટે વીબીએસઈની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આજુબાજુના ગામડાઓની શાળાઓ તથા સંસ્થાઓથી જોડાયેલા ૧૨ અભ્યાસી શિક્ષકો સહિતના લગભગ ૫૦ શિક્ષકોએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ચારિત્ર્ય ઘડતર, ધીરજ, પ્રાર્થનાનું મહત્ત્વ, જેવાં વિષયો સમાવવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં બે સત્ર ગોઠવવામાં આવ્યાં હતાં, જે સવારે ૩ કલાકના હતા અને સાંજે ૨ કલાકના હતા. ભાગ લેનારાઓએ સારો એવો પ્રતિસાદ આપ્યો હતો. 'ધ્યેય હંસિલ કરવા માટે ઈચ્છાશક્તિનું મહત્ત્વ,' 'ટાઈમ મેનેજમેન્ટ', 'આધ્યાત્મિક અને ભૌતિક જીવનનો સંબંધ' અને 'માનવીય જોડાણ' વગેરે વિષયોને દર્શાવતી વીડિયો પણ બધાને બતાવવામાં આવી હતી. વીડિયો વિદ્યાર્થીઓએ બનાવી હતી. શિક્ષકોએ પ્રોગ્રામ વિષે સકારાત્મક અભિગમ દર્શાવ્યો અને કહ્યું કે આવા કાર્યક્રમો વધારે ને વધારે યોજાવા જોઈએ કે જેથી સંબંધિત શાળાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ ચાલુ કરવામાં સહાયતા મળે.

## યુથ કાર્યક્રમ, રાંચી

૨૬મી જાન્યુઆરીના રોજ રાંચીમાંની ગુજરાતી શાળામાં સેમીનાર આયોજીત કરવામાં આવ્યો હતો કે જેમાં ૧૪ થી ૨૩ વર્ષના ૪૯ યુવાનોએ ભાગ લીધો હતો. ભાઈ એ.કે લાલ દ્વારા સહજમાર્ગની પ્રાર્થના કહેવામાં આવી હતી અને યુવાનોને શાંતિ જાળવીને પ્રાર્થના કરવાનું કહેવામાં આવ્યું હતું. ભાઈ મનોજ તિવારીએ વ્યક્તિત્વ અને ચરિત્ર્ય નિર્માણ વિષે વક્તવ્ય આપ્યું હતું. તેમના વક્તવ્યનો હાર્દ એ હતો કે વ્યક્તિત્વની ખરી વૃધ્ધિ એ છે કે બહારના બધાંજ મહોરાઓને દૂર કરીને ખરો 'હું' અથવા દિવ્ય 'હું' કે જે અંદર છે, તેને પ્રકટ થવા દેવો. બહેન સુનંદા ચૌહાણે ૧૦ નિયમોની રૂપરેખા ટૂંકમાં સમજાવી અને ભાગ લેનારા સભ્યો ૭ વ્યક્તિના ૭ ગૃપમાં વહેંચાઈ ગયા અને તેમણે ૭ નિયમોની (૪થી ૧૦મો નિયમ) ચર્ચા કરી. દરેક ગૃપમાં એક નિરીક્ષક હતો અને દરેક ગૃપના એક સભ્યને ગૃપના વિચારો રજૂ કરવાનું કહેવામાં આવ્યું. ઘણા બધાં વિષયો ચર્ચવામાં આવ્યા અને રજૂ કરવામાં આવ્યા. બધા ભાગ લેનારાઓને તેમના પ્રતિભાવ જણાવવા કહેવામાં આવ્યું અને ઘણા ઈચ્છતા હતા કે ચર્ચા માટે તેમને વધારે સમય મળવો જોઈએ તેમજ આવા કાર્યક્રમો ભવિષ્યમાં વધારે વખત યોજાવા જોઈએ.



# પ્રકાશનું કેન્દ્ર

## ઈન્દોર આશ્રમ









આ સેન્ટર થોડાં જ અભ્યાસીઓથી શરૂ થયું હતું અને હવે અહીં લગભગ ૬૫૦ નિયમિત અભ્યાસીઓ છે. પૂ.માસ્ટરે ઈન્દોર સેન્ટરના અભ્યાસીઓ પર કૃપા કરી છે કે અહીં ફાઉન્ડર્સ ડે ની ઉજવણી, ૧૯૯૧માં બંસતોત્સવ અને ૧૯૯૬માં માસ્ટરના જન્મદિનની ઉજવણી, જેવાં મહત્ત્વનાં આયોજનો કરવાની તેમણે તક આપી છે.

ઈન્દોરનો આશ્રમ શહેરની બરોબર વચ્ચે છે, તે રેલવે સ્ટેશનથી અને બસ સ્ટેન્ડથી લગભગ ૩.૫ કિ.મી. દૂર છે અને વાહનવ્યવહારની સુવિધાઓ દ્વારા અહીં સહેલાઈથી પહોંચી શકાય છે. જુલાઈ ૧૯૯૨માં ૪૦૫૦ ચો.ફૂટ જેટલી જમીન ખરીદવામાં આવી હતી. પૂ.માસ્ટરે ઔપચારિક વિધિ દ્વારા ૨૯ ઓગસ્ટ ૧૯૯૩ના રોજ શિલારોપણ વિધિ કરી હતી અને સ્થળ પર સત્સંગ કરાવ્યો હતો.

૧૫ મહિના જેટલા સમયમાં તેનું બાંધકામનું કાર્ય પૂરું થયું હતું અને તા.૨૦થી ૨૪ ડિસેમ્બર, ૧૯૯૪ દરમિયાન, ખૂબ ઉત્સાહપૂર્વક તેના ઉદઘાટનનું આયોજન થયું હતું. પૂ.માસ્ટરે આ પ્રસંગે ઉપસ્થિત રહેવાની કૃપા કરી હતી અને આ આનંદોત્સવ સમયે 'તેમની' ઉપસ્થિતિના આનંદમાં ભાગ લેવા સમગ્ર રાજ્યમાંથી અભ્યાસીઓ હાજર રહ્યાં હતાં.

મેડિટેશન હોલનું ઊંચું છાપરું આરસીસીના માળખામાંથી લગભગ ૨૪૦૦ ચો.ફૂ.ના વિસ્તારમાં બાંધવામાં આવ્યું છે અને ૮૦૦ ચો.ફૂ.જેટલું તેનું ભોંયતળિયું છે. આશ્રમની યોજના સરસ રીતે કરવામાં આવી છે અને રસોડું, બીજે માળે જમવાના રૂમની વ્યવસ્થા, ટોઈલેટ બ્લોક્સ અને નીચે એક નાનકડો બગીચો, જેવી અભ્યાસીઓની મૂળભૂત જરૂરિયાતોની સંભાળ લેવામાં આવી છે.

પૂ.માસ્ટરે ૧૯૯૦થી ૨૦૦૨ સુધીમાં અહીં વારંવાર મુલાકાત લઈને ઈન્દોરના અભ્યાસીઓ પર પ્રેમવર્ષા કરી છે. સેન્ટરની ધીમે ધીમે વૃદ્ધિ થતી ગઈ અને અભ્યાસીઓની સંખ્યા વધતાં આશ્રમમાં જગ્યાની ઊણપ વર્તાવા લાગી. સદભાગ્યે આશ્રમની બાજુમાં જ ઉપલબ્ધ એવી લગભગ ૪૫૦૦ ચો.ફૂ.જમીન ૨૮ એપ્રિલ ૨૦૦૪ના રોજ ખરીદવામાં આવી હતી. વર્ષ ૨૦૦૭માં જૂના હોલને જોડીને નવા હોલનું બાંધકામ કરવામાં આવ્યું હતું અને જગ્યાનો ઉપયોગ યોગ્ય રીતે થાય તે માટે તેને એક જ સ્થાન તરીકે બનાવવામાં આવ્યો હતો. તા.૧૬થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૯ દરમિયાન યોજાયેલા આ નવા બાંધકામના ઉદઘાટન સમારોહમાં લગભગ ૨૦૦૦ અભ્યાસીઓ હાજર હતાં.



આશ્રમનું સૌમ્ય અને શાંત વાતાવરણ અભ્યાસીઓની પ્રવૃત્તિમાં વધારો કરે છે. નિયમિતપણે યોજાતા રવિવાર અને બુધવારના સત્સંગ ઉપરાંત શુક્રવારે સવારે પણ સત્સંગ હોય છે. અહીં વિવિધ પ્રવૃત્તિઓ યોજાય છે, જેવી કે બાળકો અને શિક્ષકો માટે વીબીએસઈ કાર્યક્રમો, રાજ્યના સ્તરે યોજાતા અભાસી તાલીમી કાર્યક્રમો, ઓપન હાઉસ સેશન્સ, સાધના વિશેષ કાર્યક્રમો, સ્ટડી ગૃપ, નિબંધસ્પર્ધા, વગેરે. પૂ.માસ્ટરના માર્ગદર્શન પ્રમાણે અહીં ઈન્દોર સેન્ટરમાં વીબીએસઈ પ્રવૃત્તિઓ પૂરજોશથી ચાલી રહી છે. છેલ્લા દસ વર્ષમાં બાળકો માટે સમર કેમ્પ્સ યોજવામાં આવે છે. આશ્રમ ઈન્દોરની મધ્યમાં હોવાથી સેટેલાઈટ સેન્ટરોના અભ્યાસીઓને તે આઈડી કાર્ડ બનાવવામાં, ઉત્સવના રજીસ્ટ્રેશન કરવામાં, મિશનનાં પ્રકાશનો અને સાહિત્ય પૂરું પાડવા જેવી બાબતોમાં ખૂબ સહાય મળે છે.

શરૂઆતમાં બધાં અભ્યાસીઓને જાણકારી ન હતી કે કાર્ય કેવી રીતે કરવું, તેથી પૂ.માસ્ટરને ઘણી અસુવિધાઓ નડી જેમકે તેમના ઉતારાની વ્યવસ્થામાં તકલીફ, વગેરે. તેમ છતાં પણ તેમણે આનંદપૂર્વક આ સેન્ટરની વારંવાર મુલાકાત લીધી હતી અને તેને આજે છે તેવું સુંદર સેન્ટર બનાવી દીધું. પૂ.માસ્ટર બધું જ પોતાની જાતે કરતા હતા, તેઓ મુલાકાતનું આયોજન જાતે કરતા, સ્વયંસેવકોની ટીમ બનાવતા, દરેકને કામ સોંપતા, આજુબાજુના સેન્ટરોના અભ્યાસીઓને આમંત્રણ આપતા, સ્વયંસેવકો જોડે કામ કરતા, તેમની સાથે ભોજન લેતા અને રહેઠાણ, ભોજન અને વાહનવ્યવહારની સગવડનું ધ્યાન પોતે જાતે લેતા. તેઓ અભ્યાસીઓને મંચ પર વકતવ્ય આપવા બોલાવતા, તેમને સાંભળતા અને પછી પોતે વકતવ્ય આપીને શીખવતા કે યોગ્ય રીતે કેવી રીતે બોલવું જોઈએ. તેમણે ઘણાં ઓપન હાઉસનું આયોજન કર્યું હતું અને તેમણે શહેરની પ્રતિષ્ઠિત વ્યક્તિઓને મળીને તેમના પ્રશ્નોનાં ઉત્તર આપ્યા હતા. ૧૯૯૪માં તેમણે પ્રશિક્ષકોની સભાનું આયોજન કર્યું હતું અને તેનું સુકાન પણ સંભાળ્યું હતું.

પ્રકાશનું આ કેન્દ્ર અભ્યાસીઓ માટે અને આધ્યાત્મિકતાની શોધ કરનારા સાચા જિજ્ઞાસુઓ માટે દીવાદાંડી જેવું છે, જે 'તેમનો' દિવ્ય પ્રકાશ તેમના જીવન દ્વારા ફેલાવે છે.

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.